**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ

Azadi Ka Amrit Mahotsav

Pathik Patwari, President | Ajay Patel, Sr. Vice President | Yogesh Parikh, Vice President | Anil Jain, Hon. Secretary | Dilip Padhya, Hon. Secretary (R) | Apurva Shah, Hon. Treasurer

11th October, 2022 /28306

To,

**Smt. Mamta Verma, IAS**
Principal Secretary
Energy & Petrochemicals Dept.
Block No. 5,
5th Floor,
Sachivalaya, Gandhinagar

**Sub: Pending issues related to Energy Department**

Respected Madam,

Greetings from Gujarat Chamber of Commerce and Industry (GCCI).

The Office Bearers and representatives of Gujarat Chamber of Commerce and Industry had a meeting with Hon'ble Minister of State for Industries, Shri Jagdishbhai Vishwakarma; Hon'ble Minister of Energy and Finance Shri Kanubhai Desai and Hon'ble Minister for Forest and Environment Shri Kiritsinh Rana to discuss about pending issues related to Industries and Trade of Gujarat.

As discussed during the meeting, we had sent pending issues related to your department, with a request to resolve the same. We hereby request your kind consideration of the issues, in order to facilitate Ease of Doing Business and provide handholding to the trade and industries of Gujarat. We are hereby resending issues for your kind reference.

We look forward to your positive intervention in the matter.

With warm regards,

**Pathik Patwari**
**President.**

**Copy to :**

1. Shri Kanubhai Desai, Hon'ble Minister for Energy and Finance, Govt. of Gujarat
2. Shri Jagdishbhai Vishwakarma, Hon'ble Minister of State for Industries, Govt. of Gujarat

**Encl:** As mentioned above

Shri Ambica Mills, Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad 380009, Gujarat, India
+91-79-2658 2301/2/3/4/5
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org
GCCIAhmedabad

GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY
GCCI
ગુજરાત વેપારી મહામંડળ

# Gujarat Chamber of Commerce & Industry

Azadi Ka Amrit Mahotsav

Pathik Patwari President | Ajay Patel Sr. Vice President | Yogesh Parikh Vice President | Anil Jain Hon. Secretary | Dilip Padhya Hon. Secretary (R) | Apurva Shah Hon. Treasurer

29 સપ્ટેમ્બર, 2022 / 28209

પ્રતિ,
**શ્રી કનુભાઈ દેસાઈ**
માનનીય મંત્રીશ્રી
નાણાં અને ઉર્જા વિભાગ
ગુજરાત સરકાર
ગાંધીનગર.

**વિષય: આપશ્રી અને સંલગ્ન ઉચ્ચ અધિકારીઓ સાથે થયેલ મિટિંગમાં ચર્ચા મુજબ ઉર્જા અને સોલર વિભાગને લગતા પડતર પ્રશ્નો**

માનનીય મંત્રીશ્રી,

સૌપ્રથમ ગુજરાત રાજ્યના વેપાર-ઉદ્યોગને પ્રોત્સાહન આપવા આપશ્રી દ્વારા જે સકારાત્મક પગલાંઓ લેવામાં આવ્યા છે તે બદલ આપશ્રીનો આભાર માનીએ છીએ.વધુમાં આપશ્રી તેમજ અન્ય માનનીય મંત્રીશ્રીઓ અને સંલગ્ન ડિપાર્ટમેન્ટના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં વિસ્તૃત મિટિંગ યોજી વેપાર-ઉદ્યોગના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે આપે આપનો અમૂલ્ય સમય ફાળવ્યો અને પ્રશ્નોના નિરાકરણ માટે સકારાત્મક અભિગમ દર્શાવ્યો તે બદલ આપનો ખુબ આભાર માનીએ છીએ.

મિટિંગમાં ચર્ચા થયા મુજબ ઉર્જા અને સોલર વિભાગને લગતા પ્રશ્નો આપશ્રીની જાણ સારું અત્રે મોકલાવીએ છીએ.

આ પ્રશ્નોનું તાત્કાલિક ધોરણે નિરાકરણ ખુબજ જરૂરી હોવાથી આપશ્રીને આ બાબતે સકારાત્મક નિર્ણય લેવા નમ્ર વિનંતી કરીએ છીએ.

આપનો,

**પથિક પટવારી**
**પ્રમુખ.**

બિડાણ: ઉપર મુજબ

**નકલ રવાના : શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા,** માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી(રાજ્ય કક્ષા), ગુજરાત સરકાર, ગાંધીનગર.

શ્રીમતી મમતા વર્મા, IAS, માનનીય અગ્ર સચિવ, ઉર્જા વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર.

શ્રી જે .પી .શિવહારે, IAS, મેનેજીંગ ડાયરેક્ટર, GUVNL

Shri Ambica Mills, Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad 380009, Gujarat, India
+91-79-2658 2301/2/3/4/5
gcci@gujaratchamber.org
www.gujaratchamber.org
GCCIAhmedabad

## 1. ઉર્જા અને સોલાર

| અનું. | વિભાગ | મુદ્દો | સૂચિત સુધારો/ સ્પષ્ટીકરણ |
|---|---|---|---|
| 1.1 | ઉર્જા | હાલમાં LTMD કનેક્શન માત્ર 100 KW સુધીની મંજૂરી છે. પ્રક્રિયામાં ફેરફાર, GPCBના પગલાં વગેરેને લીધે, ઘણા ગ્રાહકોએ કોલસા/ઓઇલ આધારિત ભઠ્ઠીમાંથી ઇલેક્ટ્રિક ફર્નેસ તરફ સ્વિચ કરવું પડે છે, આવા ગ્રાહકોએ HT કનેક્શન પર સ્વિચ કરવું પડશે. તેમની પાસે ટ્રાન્સફોર્મર વગેરે ઇન્સ્ટોલ કરવા માટે પૂરતી જગ્યા નથી. મહારાષ્ટ્રમાં અને અન્ય ઘણાં રાજ્યોમાં LT કનેક્શનને 150KW સુધી મંજૂરી છે. | • 150 KW સુધીના LTMD કનેક્શનને મંજૂરી આપવી.<br>• આનાથી MSME ને પ્રોત્સાહન મળશે.<br>• HT માં લાગતો Capex ખર્ચ ઓછો થશે.<br>• જગ્યાનો અભાવ હોવાથી HT ના ટ્રાન્સફોર્મર લગાવી શકાતા નથી તેવા કિસ્સામાં LT થી કામ ચલાવી શકાશે. |
| 1.2 | | મોસમી ગ્રાહકો માટે ખોટું બિલિંગ<br><br>GERC ના ટેરિફ ઓર્ડર મુજબ, HT સપ્લાય લેતા મોસમી ગ્રાહકોને વાર્ષિક ધોરણે લઘુત્તમ શુલ્ક માટે બિલ આપવું જોઈએ. તેનો અર્થ એ છે કે, મોસમી સ્થિતિના મહિના દરમિયાન વાસ્તવિક માંગ માટે ડિમાન્ડ ચાર્જ વસૂલવા જોઈએ. ફેબ્રુઆરી-19 સુધી GUVNL DISCOMs વાસ્તવિક માંગ પર ડિમાન્ડ ચાર્જ | બિલિંગ પદ્ધતિને પુનઃસ્થાપિત કરવા વિનંતી કરવામાં આવે છે, w.e.f. માર્ચ-2019, GERC ના ટેરિફ ઓર્ડર મુજબ એટલે કે વાસ્તવિક માંગ પર માસિક ડિમાન્ડ ચાર્જ મેળવીને અથવા 100 KVA બેમાંથી જે વધુ હોય તે માત્ર અને માત્ર વાર્ષિક ધોરણે ન્યૂનતમ બિલિંગ માંગ મેળવવી જોઈએ. |

| અનું. | વિભાગ | મુદ્દો | સૂચિત સુધારો/ સ્પષ્ટીકરણ |
|---|---|---|---|
| | | વસૂલતી હતી ત્યારે પણ જ્યારે વાસ્તવિક માંગ ન્યૂનતમ બિલિંગ માંગ (એટલે કે કોન્ટ્રાક્ટની માંગના 85%) કરતા ઓછી હતી. માર્ચ-19 થી, GUVNL DISCOMsએ માસિક ધોરણે ન્યૂનતમ બિલિંગ માંગનું બિલ કરવાનું શરૂ કર્યું છે જ્યારે વાસ્તવિક માંગ એક મહિનામાં ન્યૂનતમ બિલિંગ માંગ કરતાં ઓછી હતી. | |
| 1.3 | | GCCI ને પરિપત્રની નકલ GUVNL/DISCOM ઘણીવાર ગ્રાહકોને લગતા પરિપત્રો જાહેર કરે છે, જેની નકલો GCCIને પૂરી પાડવામાં આવતી નથી અને તેથી સમયસર ઇનપુટ્સ અથવા પ્રતિસાદ આપી શકાતા નથી. | એપ્રિલ - 2005 થી જારી કરાયેલા આવા તમામ પરિપત્રોની નકલ GCCI ને હાર્ડકોપીમાં તેમજ મેઇલ આઈડી *gcci@gujaratchamber.org* પર ઈ-મેલ દ્વારા મોકલવા વિનંતી છે. |
| 1.4 | સોલાર | બેંકિંગ શુલ્ક | • ટર્મ બેંકિંગ શુલ્ક નીતિમાં નિર્ધારિત નથી. આ અંગે સ્પષ્ટીકરણ હોવું જરૂરી છે.<br>• ઉદ્યોગને ટકી રહેવા માટે બેંકિંગ શુલ્ક અત્યંત અયોગ્ય છે. (LSI માટે રૂ. 1.5 / યુનિટ અને MSME માટે રૂ. 1.1 / યુનિટ)<br>• બેંકિંગ શુલ્ક માત્ર ત્યારે જ લાગુ થવા જોઈએ, જો પાવર |

| અનું. | વિભાગ | મુદ્દો | સૂચિત સુધારો/ સ્પષ્ટીકરણ |
|---|---|---|---|
| | | | ઉત્પન્ન કરવામાં આવ્યો હતો તેના કરતાં અલગ સમયે ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવે. હાલમાં, જો પાવર ઉત્પાદન સમયે ઉપયોગમાં લેવાય છે, જેમાં કોઈ બેંકિંગ સામેલ નથી, તો પણ બેંકિંગ શુલ્ક લાગુ કરવામાં આવે છે.<br>• સૌર ઉર્જાનો પ્રચાર કરવા માટે, અમે માસિક બેંકિંગને ફરીથી દાખલ કરવાનું સૂચન કરીએ છીએ. આ સુવિધા સૌર નીતિ 2015નો ભાગ હતી અને તેને સૌર નીતિ 2021માં પાછી ખેંચી લેવામાં આવી છે.<br>• અન્ય કોઈ રાજ્ય સૌર ઊર્જા પર આવા શુલ્ક વસૂલતું નથી. |
| 1.5 | | **નાના પાયે વિતરિત સૌર પ્રોજેક્ટ (SSDSP)** | • SSDSP યોજનામાં મૂડી અને વ્યાજ સબસિડી પાછી ખેંચી લેવાથી ગુજરાત રાજ્યમાં રોકાણકારોનો વિશ્વાસ ડગમગી ગયો છે. અમે GoG ને SSDSP પ્રોજેક્ટ ડેવલપર્સને આ સબસિડી જાહેર કરવા વિનંતી કરીએ છીએ.<br>• SSDSP હેઠળના પ્રોજેક્ટ્સ GoGને દિવસના સમયે વધુ અને સસ્તો પાવર મેળવવામાં મદદ કરશે, જે તે ખેડૂતોને આપી શકે છે. ખેડૂતો માટે આ વરદાન હશે કારણ કે તેઓ દિવસના |

| અનું. | વિભાગ | મુદ્દો | સૂચિત સુધારો/ સ્પષ્ટીકરણ |
|---|---|---|---|
| | | | સમયે વીજળીની માંગ કરી રહ્યા છે. |
| 1.6 | | ગ્રુપ કેપ્ટિવ પ્રોજેક્ટ્સ | ગ્રુપ કેપ્ટીવ પાવર પ્રોડ્યૂસરની વ્યાખ્યા ઇલેક્ટ્રીકસિટી એક્ટ 2003 પ્રમાણે જ રાખવી જોઇએ .ઇલેક્ટ્રીકસિટી એક્ટ 2003 એક થી વધુ પાવર પ્રોડ્યૂસરોને ઇકવીટી રાખવા અને કેપ્ટીવ કન્ઝ્યુમર તરીકેનો દરજ્જો ધરાવવા મંજૂરી આપે છે. પરંતુ ગુજરાતની સોલર પોલિસીમાં આ વ્યાખ્યાનું પાલન નથી કરાતું અને માત્ર એક જ એકમ દ્વારા પુરેપુરી 100% ઇકવીટી લેવાનું ફરજીયાત રાખે છે.આ ગુજરાત સરકાર અને સંલગ્ન કાયદા વચ્ચેની મોટી વિસંગતા છે તેથી અમારી વિનંતી છે કે ગ્રુપ કેપ્ટિવની વ્યાખ્યા ઇલેક્ટ્રીકસિટી એક્ટ 2003 પ્રમાણેજ રાખવી જોઇએ<br><br>અને વિસંગતાને દૂર કરવી જોઈએ. |
| 1.7 | | ક્રોસ સબસિડી સરચાર્જ (CSS) અને વધારાના સરચાર્જ (ACS) | • CSS અને ACS થર્ડ પાર્ટી પાવર સેલ પર લાગુ થાય છે અને તે હાલમાં લગભગ રૂ. 2.2 / એકમ છે. |

| અનું. | વિભાગ | મુદ્દો | સૂચિત સુધારો/ સ્પષ્ટીકરણ |
|---|---|---|---|
| | | | • આ શુલ્ક ખૂબ વધારે છે અને તૃતીય પક્ષના રોકાણને અયોગ્ય બનાવે છે.<br>• અમે સોલાર પાવરના ત્રીજા પક્ષના વેચાણ પર CSS અને ACS નાબૂદ કરવાની વિનંતી કરીએ છીએ. |
| 1.8 | | હાલમાં બહાર પાડવામાં આવેલ 1000 MW રેસીડેન્સીયલ રૂફટોપ સોલાર પ્રોજેક્ટના ટેન્ડરમા દરેક એમપેનલ્ડ એજન્સીઓને તેમની પ્રોજકેટ પૂર્ણ કરવાની ક્ષમતાને ધ્યાનમાં લીધા વગર ફિક્સ ક્વોટા અલોટ કરવામાં આવેલ છે. આના પરિણામે જે એમપેનલ્ડ એજન્સીઓની ક્ષમતા નથી તે એલોટ કરવામાં આવેલ ક્વોટાનો બગાડ કરે છે તથા જે એજન્સીઓની ક્ષમતા વધારે છે તેઓ કામ કરી શકતા નથી. | અમારી વિનંતી છે કે દરેક એજન્સીઓને ફિક્સ ક્વોટા એલોટ કરવાને બદલે વહેલા તે પહેલાના ધોરણે દરેકને પોતાની ક્ષમતા પ્રમાણે રજીસ્ટ્રેશન કરવાની મન્જુરી આપવી જોઈએ. |
| 1.9 | | ગુજરાતમાં સરકારી/અર્ધસરકારી/પ્રાઇવેટ ઘણા વેરહાઉસના લાખો સ્કવેર ફૂટ જમીન અને ધાબાઓ ઉપલબ્ધ છે તથા હાલમાં GERC દ્વારા ગ્રોસ મીટરિંગ માટેની મંજૂરી આપવામાં આવી છે . જો DISCOM આ નીતિનો અમલ | GERC દ્વારા ગ્રોસ મીટરિંગ માટેની મંજૂરી આપવામાં આવવી જોઈએ. |

| અનું. | વિભાગ | મુદ્દો | સૂચિત સુધારો/ સ્પષ્ટીકરણ |
|---|---|---|---|
| | | કરીને વેરહાઉસ ઉપર સોલાર લગાવીને DISCOM ને વેચવા માટેની સ્કીમ લાગુ કરે તો રાજયને મહત્તમ સૌરઊર્જાનો લાભ મળે જે આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેટ ઝીરો કન્સેપટને સુસંગત છે. | |
| 1.10 | | ગુજરાત સરકારના વિવિધ વિભાગો અને PSU દ્વારા બહાર પાડવામાં આવતા સોલાર ટેન્ડરમાં પરફોર્મન્સ બેન્ક ગેરંટી( PBG ) ની રકમ 10%થી 20% રાખવામાં આવે છે તથા તેની મુદત 5 વર્ષ રાખવામાં આવે છે. જેના લીધે ઉદ્યોગોની વર્કિંગ કેપિટલ લિમિટ મોટા પ્રમાણમાં બ્લોક થઇ જાય છે. | ભારત સરકારે કોવીડ -19 પછી જાહેર કરેલ પોલિસીમાં PBGની રકમ 3% લેવી એવો આદેશ કરેલ છે તે લાગુ કરવો તથા PBG ની મુદત 1 વર્ષની કરવા વિનંતી છે |
| 1.11 | | વ્હીલિંગ નુકશાન | DISCOM દ્વારા સૌર ઉર્જા માટે વ્હીલિંગ નુકસાન વધારીને 10% કરવામાં આવે છે, જે પહેલા 3% હતા.<br>• વ્હીલિંગ નુકસાનમાં 300% થી વધુ વધારો એ 11 KV પરના ગ્રાહકો માટે મોટો ફટકો છે, જે સામાન્ય રીતે MSME છે.<br>• અમે તમને અગાઉના 3%ના સ્તરે ઘટાડવા વિનંતી કરીએ છીએ. |

| અનું. | વિભાગ | મુદ્દો | સૂચિત સુધારો/ સ્પષ્ટીકરણ |
|---|---|---|---|
| 1.12 | | **સૂર્ય ગુજરાત (રેસીડેન્શ્યલ રૂફટોપ સોલાર યોજના)** રાજ્યમાં ખુબ જ લોકપ્રિય યોજના છે જે ઘરેલુ રૂફટોપ સોલાર યોજના છે તેમાં DISCOM દ્વારા લેવામાં આવતા મીટર તથા કનેકિટવિટી ચાર્જીસની રકમ પહેલેથી નક્કી હોવા છતાં આ યોજના માં જોડાતા નાના ગ્રાહકોને DISCOM દ્વારા ખુબજ વધારે ભાવ આપવામાં આવે છે જે કેટલા કિસ્સાઓમાં સોલાર સિસ્ટમની કિંમત કરતા વધારે હોય છે. | DISCOMને રજુઆત કરવા છતાં આ અંગે કોઈ પણ પ્રત્યુત્તર મળતા નથી તો આ બાબતનો સત્વરે નિકાલ થવો જોઈએ |